# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-05-2024 Midday : 1.20 to 1.30
Day : SATURDAY National News

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*************************************************

- ✓ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આજે સાંજે શાંત થશે પ્રચાર પડઘમ....દસ રાજ્યો અને એક કેન્દ્ર શાસિતપ્રદેશની કુલ મળીને 96 બેઠકો માટે, 13 મેના રોજ થશે મતદાન
- ✓ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે પ્રચાર કરતા પ્રધાનમંત્રી મોદીના કૉંગ્રેસ સામે પ્રહાર.... પ્રિયંકા ગાંધીએ કહ્યું કેન્દ્ર સરકાર આદિવાસીઓ પ્રત્યે અસંવેદનશીલ છે
- ✓ ચૂંટણી પ્રચાર ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ દસનું 82.56 ટકા પરિણામ જાહેર થયું....
- ✓ ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઇનના પૂર્ણ સભ્ય પદ માટેના પ્રસ્તાવનું સમર્થન કર્યું.
- ✓ હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત દેશના ઘણાં ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે
- ✓ અને IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઇટ રાઇડર્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAMPAIGN TODAY

લોકસભાના ચૂંટણીના ચોથા તબક્કા માટે પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે. આ પૂર્વે તમામ પક્ષો મતદાતાઓને રિઝવવાના અંતિમ પ્રયાસો કરી રહ્યા છે. લોકસભાના પાંચમા અને છઠ્ઠા તબક્કા માટે પણ પ્રચાર અભિયાન તેજ બન્યું છે. ચોથા તબક્કા માટે 13 મેના રોજ મતદાન થવાનુ છે. આ તબક્કામાં દસ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ મળીને 96 બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં 1 હજાર, 717 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

પ્રધાનમંત્રી મોદી આજે ઓડિશા અને ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ઓડિશાના કંધમાલ ચૂંટણી સભા સંબોધતા તેમણે કૉંગ્રેસ અને બીજું જનતા દળ સામે પ્રહાર કર્યા હતા. શ્રી મોદીએ કહ્યું કે... અગાઉની કૉંગ્રેસ ગઠબંધન સરકારે વોટબેંકની રાજનીતિને કારણે પાકિસ્તાન સામે કાર્યવાહીમાં વિલંબ કર્યો.

પ્રધાનમંત્રી મોદીએ કાંધમાલ બાદ ઓડિશાના બાલાંગીરમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. ત્યારાબદ બરગાહ સંસદીય મત વિસ્તારો માટે ચૂંટણી સભાઓને સંબોધન કરશે. આજે સાંજે તેઓ ઝારખંડના ચતરામાં ચૂંટણી પ્રચાર કરશે. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આંધ્ર પ્રદેશના કડપ્પામાં ચૂંટણી સભાને સંબોધશે. અહીં વાય. એસ. શર્મિલા રેડ્ડી આ બેઠક પર કૉંગ્રેસના ઉમેદવાર છે. કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા મહારાષ્ટ્રના નંદુરબારમાં ચૂંટણી સભાને સંબોધતા કહ્યું કે કૉંગ્રેસના નેતાઓ શીખ્યા છે કે લોકતંત્રમાં પ્રજા સર્વોપરી છે.

શ્રી ગાંધીએ ભાજપ સામે પ્રહાર કરતા કહ્યું કે ભાજપ આદિવાસીઓની સંસ્કૃતિને સમજતું નથી. તેમણે પક્ષના ઉમેદવાર ગોપાલ પડવીના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નંદુરબારની મુલાકાત લીધી હતી. એ સમયે તેમણે આદિવાસી ન્યાય અંતર્ગત પાંચ બાહેંધરીઓની જાહેરાત કરી હતી.

નંદુરબાર 2014થી કૉંગ્રેસનો ગઢ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા પણ આજે અદોની નગર પાલિકા માટે પ્રચાર કરી રહ્યા છે. તેઓ તિરુપતિના એનડીએ ઉમેદવાર શ્રી વારા પ્રસાદના સમર્થનમાં રોડ શૉ કરશે. ભાજપે અહીં તેલુગુ દેશમ પાર્ટી અને જનસેના પાર્ટી એનડીએ ગઠબંધન કરેલું છે.

# BOARD RESULTS

ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડ ધોરણ 10નું પરિણામ જાહેર થઇ ગયું હતું.. આજે સવારે જાહેર થયેલુ રાજ્યનું પરિણામ 82.56 ટકા રહ્યું છે. ગત વર્ષે 64.62% પરિણામ હતું.

સૌથી વધુ પરિણામ ધરાવતા કેન્દ્રોમાં અમદાવાદ ગ્રામ્યનુ દાલોદ અને ભાવનગરનું તલગાજરડા રહ્યું છે. આ બંને કેન્દ્રોના 100 ટકા પરિણામ જાહેર થયા છે.. જ્યારે ભાવનગરના તડ કેન્દ્રનું સૌથી ઓછુ પરિણામ 41.13 ટકા છે.. સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર રહ્યો છે જેનું 87.22 ટકા પરિણામ છે.. જ્યારે સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો પોરબંદર રહ્યો છે. જેનુ 74.57 ટકા પરિણામ છે. સૌ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા એક હજાર 389 છે. જ્યારે 70 શાળાઓનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે. કન્યાઓનું પરિણામ 86.69 ટકા અને કુમારોનું પરિણામ 79.12 ટકા રહ્યું છે..

જ્યારે એ-વન ગ્રેડમાં 23 હજાર 247 વિદ્યાર્થીઓ અને એ- ટુ ગ્રેડમાં 78 હજાર 893 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. શિક્ષણ વિભાગના સચિવ બચ્છાનિધી પાણીએ આ પરિણામને સર્વશ્રેષ્ઠ ગણાવ્યું હતું..

# CDS General Anil Chauhan

સેનાની ત્રણેય પાખના એકીકરણ માટેનું બીજું બે દિવસીય પરિવર્તન ચિંતન સંમેલન ગઈકાલે નવી દિલ્હીમાં પૂર્ણ થયું. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે સંમેલનની અધ્યક્ષતા કરતા આ એકીકરણ પ્રક્રિયાને ઝડપી બનાવવા પર ભાર મૂક્યો હતો. શ્રી ચૌહાણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સંમેલન દેશની અખંડિતતા અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું વધુ સારી રીતે રક્ષણ કરશે..

# DELHI- STORM DAMAGE

દિલ્હીમાં ગઈકાલે રાત્રે આવેલા વાવાઝોડામાં વૃક્ષો પડી જવાથી બે લોકોના મોત થયા હતા અને છ ઘાયલ થયા હતા. બીજી અન્ય ઘટનામાં તોફાનને કારણે ઈમારતોને નુકસાન થવાથી 17 લોકો ઘાયલ પણ થયા છે.

દિલ્હી પોલીસને વૃક્ષો પડવા, ઈમારતોને નુકસાન અને વીજળી પુરવઠો ઠપ થયા સંબંધિત ચારસોથી વધુ ફરિયાદો મળી છે. અને ખરાબ હવામાનને કારણે કેટલીક ઉડાનો ડાયવર્ટ કરવામાં આવી હતી.

# J&K - SHOPIAN ARRESTS

દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લામાં પોલીસે આતંકવાદીને મદદ કરનાર બે વ્યક્તિઓની ધરપકડ કરી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પોલીસે શોપિયાંમાં મલિક ચક ક્રોસિંગ ખાતે સ્થાપિત ચેક-પોઇન્ટ પર આર્મીની 44 રાષ્ટ્રીય રાઇફલ્સ અને CRPFની 14મી બટાલિયન સાથે મળીને આંતકવાદીઓને મદદ કરનાર બે વ્યક્તિઓની ધરપકડ કરી છે. જેમની પાસેથી ગુનાહિત સામગ્રી પણ મળી આવી હતી.

દરમિયાન, હીરપોરા પોલીસ સ્ટેશનમાં કાયદાની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને આ સંદર્ભે તપાસ શરૂ કરવામાં આવી છે.

# UN PALESTINE

ભારતે પેલેસ્ટાઇનને સંયુક્ત રાષ્ટ્રના પૂર્ણ સભ્ય બનવા સંદર્ભે એક પ્રસ્તાવનું સમર્થન કર્યું છે. સંયુક્ત રાષ્ટ્રના સ્થાયી સભ્યોની 193મી મહાસભાની ગઈકાલે વિશેષ બેઠક મળી હતી. જ્યાં સંયુક્ત અરબ અમિરાતે પેલેસ્ટાઇનના પૂર્ણ સભ્યપદના સમર્થનમાં પ્રસ્તાવ રજૂ થયો હતો.

પ્રસ્તાવમાં કહેવાયું છે કે પેલેસ્ટાઇન યોગ્ય છે અને તેને સંયુક્ત રાષ્ટ્રના પૂર્ણ સભ્ય સ્વરૂપે સામેલ કરવું જોઈએ. પ્રસ્તાવમાં સુરક્ષા પરિષદને આ મામલે પુર્નર્વિચાર માટેની ભલામણ કરાઈ છે. આ પક્ષે 143 મત પડ્યા હતા, જ્યારે કે વિપક્ષમાં 9 મત પડ્યા હતા, જ્યારે કે 25 સભ્યો ગેરહાજર હતા. હાલમાં પેલેસ્ટાઇન સંયુક્ત રાષ્ટ્રમાં એક બિન-સભ્ય નિરીક્ષક રાજ્ય છે.

2012માં યુએન મહસાભા દ્વારા તેને આ દરજ્જો અપાયો હતો. ભારત 1988 અને 1669માં પેલેસ્ટાઇન માન્યતા આપનાર બિન-અરબ દેશોમાંથી એક હતું.

# AFGHAN FLOOD

અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગોમાં અચાનક પૂરને કારણે લગભગ 50 લોકોના મોત થયા છે, જ્યારે કે 100થી વધુ ઘાયલ થયા છે.

તાલિબાનના જણાવ્યા અનુસાર ભારે વરસાદને પગલે બઘલાન પ્રાંતના પાંચ જિલ્લાઓને અસર થઈ હતી. બચાવ કામગીરી વિભાગનું કહેવું છે કે મૃતકોની સંખ્યા પ્રાથમિક છે, તે હજી પણ વધી શકે છે.

તાલિબાને કહ્યું છે કે 150થી વધુ લોકો ફસાયેલા છે, જેમને તાત્કાલિક ધોરણે મદદની જરૂર છે. અફઘાનિસ્તાનમાં છેલ્લા કેટલાક અઠવાડિયામાં પડેલા ભારે વરસાદને કારણે જનજીવન ઠપ થયું છે.

એપ્રિલની મધ્યમાં આવેલા પૂર બાદથી અત્યાર સુધીમાં 100 લોકોના મોત થઈ ચૂક્યા છે. અફ્ઘાધનિસ્તાન લગભગ દર વર્ષે પૂરની સ્થિતિનો સામનો કરે છે.

# IND WEATHER

રાજ્ય સહિત દેશના અનેક ભાગોમાં ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગ અનુસાર આગામી 24 કલાકમાં પૂર્વોત્તર ભારત, તટિય પશ્ચિમ બંગાળ, ઓડિશા, કર્ણાટક અને કેરળના કેટલાક ભાગોમાં વીજળી અને પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ તરફ જમ્મૂ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વીય મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, તેલંગાણા, મહારાષ્ટ્ર, તમિલનાડુ, લક્ષદ્વીપ અને આંદમાન નિકોબાર ટાપુ પર હળવોથી મધ્ય વરસાદ વરસી શકે છે.

ગઈકાલે રાજધાની દિલ્હીના હવામાનમાં અચાનક પલ્ટો આવ્યો હતો. અહીં ભારે પવન સાથે છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો. આગામી કલાકોમાં પણ પંજાબ, હરિયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, દિલ્હી અને રાજસ્થાનનાં કેટલભાગોમાં ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે.

# NISHA DAHIYA OLYMPIC SEAT

નિશા દહિયા પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થનારી પાંચમી કુસ્તીબાજ બના ગયા છે. ગઈકાલે તુર્કીના ઈસ્તાંબુલમાં વિશ્વ ઓલિમ્પિક ક્વોલિફાયર્સમાં નિશાએ 68 કિગ્રા વજન વર્ગની સેમિફાઈનલમાં રોમાનિયાની એલેક્ઝાન્ડ્રા એન્જલને હરાવી હતી.

આ પહેલીવાર છે જ્યારે પાંચ ભારતીય મહિલા કુસ્તીબાજો ઓલિમ્પિકમાં રમશે. જે ખેલાડીઓ પહેલાથી જ ક્વોલિફાય થઈ ચૂક્યા છે તેમાં અંતિમ પંઘાલ , વિનેશ ફોગાટ, અંશુ મલિક અને રિતિકા હૂડાનો સમાવેશ થાય છે.

# IPL

IPLમાં આજે કોલકાત્તાના ઇડન ગાર્ડન સ્ટેડિયમમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે.

ગઇકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે ચેન્નાઇ સુપર કિંગ્સને 35 રનથી હરાવ્યું હતું. ચેન્નાઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ગુજરાતે 20 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 231 રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈની ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 196 રન જ બનાવી શકી હતી.